## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ચિંતા ન કર, સાધુ મંત્રી ભલે થઈ જાય પણ તને વેપારીમાંથી સાધુ થઈ જાવું પડે તેવું કોઈ કદમ સરકાર નહીં ભરે...

## રાજ્યમાં નાણાકીય સાક્ષરતા સપ્તાહ ઉજવાશે

નાણાંકીય સાક્ષરતા એ નાણાકીય સમૃદ્ધિનું પ્રથમ પગલું છે તે માટે જાગૃતિ કેળવવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જેના ભાગરૂપે આગામી ૫મી જૂન થી ૯મી જૂન-૨૦૧૭ દરમિયાન ગુજરાતમાં નાણાકીય સાક્ષરતા સપ્તાહ ઉજવાશે. જેમાં કે.વાય.સી.ના વિષય-વસ્તુ, ધિરાણ શિસ્ત અમલ, ફરિયાદ નિવારણ અને ગોઈંગ ડિજિટલ જેવાં વિષયો સંદર્ભમાં સંદેશાઓ, બેન્કની વિવિધ શાખાઓમાં પોસ્ટરો, એ.ટી.એમ. અને બેન્કની વેબસાઈટ્સ પર મૂકવામાં આવશે. જેનાથી સામાન્ય નાગરિકની નાણાકીય વર્તૂણૂંક સુધરશે અને અર્થપૂર્ણ વ્યવહારો સરળતાથી થશે.

# અપોલો હોસ્પિટલના હાઉસકિંપીગના કર્મચારીઓની હડતાલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ માર્ગ પર સ્થિત અપોલો હોસ્પિટલમાં ફરજ બજાવતા હાઉસકિપીંગના કર્મચારીઓ પગાર વધારાની માંગ સાથે હોસ્પિટલ તંત્ર સામે હોસ્પિટલ બહાર હડતાલ પર ઉતરી ગયા હતા અને તેમની માંગ સતોષવામાં આવે તેવી રજુઆત કરી છે. ઓમશકિત લેબર એસોસિએશનના નેજા હેઠળ કર્મચારીઓ હડતાલ પાડી ઉચ્ચ કક્ષાએ આવેદનપત્ર આપ્યું છે.



ગાંધીનગર નજીકના ભાટ ગામે અપોલો હોસ્પિટલ આવેલ છે. આ હોસ્પિટલમાં કમ્પાસ ઈન્ડિયા સ્પોર્ટ સર્વિસ પ્રા.લિ. દ્વારા ૧૫૦ જેટલા હાઉસકિપીંગના કર્મચારીઓને મુકવામાં આવ્યા છે. જેમને માસિક પગાર પેટે રૂ.૭૦૦૦ હજાર ચુકવવામાં આવે છે. પરંતુ કર્ચમારીઓને મોંઘવારીમાં પોસાય તેમ ન હોવાથી આ કર્મચારીઓએ હોસ્પિટલ તંત્ર અને કંમ્પાસ ગૃપ સમક્ષ પગાર વધારાની માંગ કરી હતી. પરંતુ વારંવાર પગારની માંગ કરવા છતા પણ કોઈ યોગ્ય જવાબ તંત્ર દ્વારા ન આપવામાં આવતા કર્મચારીઓએ હડતાલનો શૂર ઉઠાવ્યો છે. આજે આ કર્મચારીઓએ ઓમ શકિત લેબર એસોસિએશન ની આગેવાની હેઠળ હોસ્પિટલ સંકુલ બહાર જ હડલાત પાડી હતી અને કામથી અળગા રહ્યા હતા. કર્મચારીઓએ પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિર્ણય તાત્કાલીક લાવવામાં આવે તેવી રજુઆત કરી છે. આ કર્મચારીઓની હડતાલ સમયે એક કર્મચારીની હાલત લથડતા તેને હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવી છે. તેમ સંસ્થાના ઉપપ્રમુખ બી.આર. ચાવડા એ જણાવ્યું છે.

# વરસોડાનો વોન્ટેડ બુટલેગર એબસ્કોન્ડર સ્કવોર્ડના સકંજામાં

### આરોપી અગાઉ પેથાપુર, મોડાસા અને ધાંગધ્રા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં પકડાઈ ચુકેલો છે

પેથાપુર નજીક આવેલા વરસોડા ગામમાં રહેતો બુટલેગર નાસતો ફરતો હતો. આ શખ્સ પ્રેસ સર્કલે આવ્યો હોવાની માહિતી મળતા એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે તેને પકડી પાડ્યો છે. વોન્ટેડ બુટલેગરની ધરપકડ કરીને સ્કવોર્ડે પેથાપુર પોલીસને આગળની કાર્યવાહી માટે સોંપી



દીધો છે. એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીતની સુચનાથી તેમની એબસ્કોન્ડર સ્કવોર્ડ નાસતા ફરતા આરોપીઓને પકડવા સક્રીય થઈ છે. પીએસઆઈ કૃણાલ પટેલની ટીમને આજે બાતમી મળી હતી કે પેથાપુર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશન એક્ટના ગુનાનો વોન્ટેડ આરોપી દિગ્વિજયસિંહ ઘનશ્યામસિંહ ચાવડા (રહે. વરસોડા), તા. માણસા, જિ. ગાંધીનગર) ગાંધીનગર શહેરના પ્રેસ સર્કલે આવ્યો છે. બાતમી આધારે એબસ્કોન્ડર સ્કવોર્ડે પ્રેસ સર્કલ પહોંચી ગઈ હતી અને વોન્ટેડ બુટલેગરને દબોચી લીધો હતો. આરોપીને પકડીને પેથાપુર પોલીસને સોંપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ભુતકાળમાં આ આરોપી મોડાસા, ધાંગધ્રા અને પેથાપુર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં પણ પકડાઈ ચુકેલો છે.

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં-૩ વર્ષ ૨૦૧૭-૨૦૧૮**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેતી અત્રેના વિભાગ હસ્તકના બે કામો જેની અંદાજીત રકમ રૂ. ૭.૭૨ લાખથી રૂ. ૮.૮૪ લાખ છે. જેના ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૨/૬/૨૦૧૭ થી તા. ૧૬/૬/૨૦૧૭ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. ટેન્ડર ડૉક્યુમેન્ટ ટેન્ડર ફી, સોલવંશી ઓછામાં ઓછી ટેન્ડર રકમના ૨૦% કેલેન્ડર વર્ષ-૨૦૧૭ની અને ઈ.એમ.ડી. (ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની જોડવી) રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૧૭/૬/૨૦૧૭ થી તા. ૨૨/૬/૨૦૧૭ સમય ૧૮.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ટેન્ડર ખોલવાની તા. ૨૩/૬/૨૦૧૭, ૧૨.૦૦ કલાકે છે. (જો શક્ય હશે તો) વધુ માહિતી માટે વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.

કવર પર કામનું નામ અને ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવું.

માહિતી/૬૪૧/૧૭-૧૮

# જનજાગૃતિ-વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ત્રિદિવસીય પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં પુનઃપ્રાપ્ત ઉર્જાના વ્યાપક ઉપયોગ તથા ક્લાયમેટ ચેન્જની જટિલ સમસ્યાના સમાધાન અંગેની જાગૃતિ કેળવવા તથા લોકોને વૈજ્ઞાનિક માહિતી મળી રહે તે માટે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ત્રિ દિવસીય પ્રદર્શન યોજવામાં આવશે એમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના સમાધાનના ઉકેલ માટે ગુજરાતે દેશભરમાં પ્રથમવાર અલાયદા ક્લાયમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી છે, જેના દ્વારા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવી રહ્યુ છે.

રાજ્યના વિવિધ જિલ્લામાં પ્રદર્શનો યોજાવાના છે. તેમાં તા. ૫ થી ૭ જૂન-૨૦૧૭ દરમિયાન પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે, તા. ૮ થી ૧૦ જૂન તાપી જિલ્લાના વ્યારા ખાતે, તા. ૯ થી ૧૧ જૂન ભરૂચ જિલ્લાના ભરૂચ ખાતે, તા. ૧૦ થી ૧૨ જૂન મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે, તા. ૧૩ થી ૧૫ જૂન સુરત ખાતે, તા. ૧૪ થી ૧૬ જૂન આણંદ જિલ્લાના આણંદ ખાતે, તા. ૧૫ થી ૧૭ જૂન છોટાઉદેપુર ખાતે, તા. ૧૯ થી ૨૧ જૂન વડોદરા ખાતે, તા. ૨૦ થી ૨૨ જૂન જુનાગઢ જિલ્લાના જૂનાગઢ ખાતે, તા. ૨૧ થી ૨૩ જૂન અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે, તા. ૨૩ થી ૨૫ જૂન સાબરકાંઠાના હિંમતનગર ખાતે, તા. ૨૪ થી ૨૬ જૂન ગીર-સોમનાથ જિલ્લાના સોમનાથ ખાતે, તા. ૨૭ થી ૨૯ જૂન બનાસકાંઠાના પાલનપુર ખાતે, તા. ૨૯ થી ૧લી જુલાઈ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર ખાતે, તા. ૩૦ થી ૨જી જુલાઈ પોરબંદર ખાતે, તા. ૩ થી ૫ જુલાઈ અમદાવાદ ખાતે, તા. ૪ થી ૬ જુલાઈ મોરબી ખાતે, તા. ૫ થી ૭ જુલાઈ દ્વારકા ખાતે, તા. ૮ થી ૧૦ જુલાઈ ભાવનગર ખાતે, તા. ૧૦ થી ૧૨ જુલાઈ અમરેલી ખાતે, તા. ૧૧ થી ૧૩ જુલાઈ જામનગર ખાતે અને તા. ૧૩ થી ૧૫ જુલાઈ બોટાદ ખાતે આ પ્રદર્શન યોજાશે. જેનો બહુધા પ્રમાણમાં નાગરિકોને લાભ લેવા યાદીમાં વધુમાં જણાવાયું છે.



ગાંધીનગર જિલ્લામાં જળસંચયના કામો અંતર્ગત ઊંડા કરાયેલ તળાવોની કામગીરી જોવા સાથે ગ્રામજનોનો પ્રતિભાવ તેમજ પ્રશ્નોની જાણકારી માટે રાજ્ય સરકારે બે સભ્યોની સમિતિ બનાવી છે. રાજ્યના બાળ આયોગના ચેરમેન જાગૃતિબેન પંડ્યા તેમજ માર્ગ-વાહન-વ્યવહાર નિગમના ડિરેક્ટર ભગવાનદાસ પંચાલની આ ટીમે આજે ગાંધીનગર તાલુકાના જાખોરા, ચંદ્રાલા, છાલા, મેદરા ગામની મુલાકાત લઈ કામગીરી નિહાળી હતી તે પ્રસંગે લેવાયેલ તસવીર.

